
ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ધો-૧૦ અને ૧૨ની પરીક્ષાનો શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ

**વિદ્યાર્થીઓમાં પરીક્ષાલક્ષી ઉત્તેજના : સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ ગુરૂકુલ સ્કુલમાં શિક્ષણમંત્રી જીતુભાઇ વાઘાણીએ ગુલાબનુ ફુલ આપી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી : કોરોના કાળમાં બે વર્ષના અંતે બોર્ડ પરીક્ષાના પ્રારંભે શાળા સંકુલો પાસે વિદ્યાર્થીઓ અને વાલીઓની ભીડ જોવા મળી : જિલ્લામાંથી ૩૩૦૬૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી : ૬૧૧ ગેરહાજર રહ્યા : પ્રથમ દિવસે એક પણ કોપી કેસ નહી : વિદ્યાર્થીઓ મન શાંત રાખીને આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપે : શિક્ષણમંત્રી જીતુભાઇ વાઘાણી**





ગાંધીનગર તા ૨૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી શરૂ કરાયેલી ધો - ૧૦ અને ૧૨ ની પરીક્ષામાં શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ સે-૨૩ સ્થિત ગુરુકુલ સ્કુલમાં હાજરી આપી વિદ્યાર્થીઓ ગુલાબનુ ફુલ આપી પરીક્ષાની શુભેચ્છા પાઠવી હતી. આ તબક્કે તેમણે વિદ્યાર્થીઓને મન શાંત રાખી આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા જણાંવ્યુ હતુ ધો -૧૦ અને ધો -૧૨ માં જિલ્લામાંથી આજે ૩૩૦૬૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૬૧૧ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. જિલ્લામાં પરીક્ષાના પ્રારંભે એક પણ કોપી કેસ નોંધાયો નથી કોરોના કાળમાં બે વર્ષના અંતે બોર્ડ પરીક્ષાનો શાંતિપુર્ણ માહોલમાં પ્રારંભ થયો હતો. લાંબા સમયના અંતે શાળા સંકુલો બહાર વિદ્યાર્થીઓ અને વાલીઆની ભીડ જોવા મળી હતી. વિદ્યાર્થીઓમાં પણ અનોખી પરીક્ષાલક્ષી ઉત્તેજના જોવા મળી હતી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી શરૂ કરાયેલી ધો - ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની બોર્ડ પરીક્ષાના પ્રારંભે સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુલ સ્કુલમાં શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. વિદ્યાર્થીઓને ગુલાબનુ ફુલ આપી મોં મીઠુ કરાવીને શિક્ષણમંત્રીએ બોર્ડના પરીક્ષાર્થીઓને આત્મવિશ્વાસ બનાવી રાખવા માટે પણ જણાંવ્યુ હતુ. આ તબક્કે તેમણે જણાંવ્યુ હતુ કે બોર્ડ પરીક્ષા વેળાએ વિદ્યાર્થીઓના મનમાં અસમંજસની સ્થિતિ હોય છે. મા બાપ તેમજ સગા સંબંધીઓની અપેક્ષાનો ભાર વહન કરવો પડે છે. આવા સંજોગોમાં વિદ્યાર્થીઓએ ભારમુક્ત થઈને પરીક્ષા આપવી જોઈએ. પ્રશ્નપત્રમાં શુ પુછાશે.. શુ થશે મને નહીં આવડે તો.. જેવા અનેક વિચારોમાંથી બહાર આવીને મન શાંત રાખીને કસોટી પાર કરવી જોઈએ. તેમણે જણાંવ્યુ હતુ કે આત્મવિશ્વાસ ડગે ત્યારે આંતરિક શક્તિ ક્ષીણ થાય છે. ત્યારે જે પણ અભ્યાસ કર્યો છે તેમાં વિશ્વાસ

● અનુસંધાન પાન-૭ પર

## ધો -૧૦ માં ફરી બનવા ચાહુ હુ પ્રભુ બાળ નાનુ .. અને કન્યા વિદાય એક કરૂણ માંગલિક પ્રસંગ વિષય અંગે નિબંધ પુછાયો

ધો -૧૦ ની બોર્ડ પરીક્ષાના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓએ આજે ગુજરાતી વિષયની પરીક્ષા આપી હતી ગુજરાતીની પરીક્ષામાં જિલ્લામાંથી નોંધાયેલા કુલ ૧૯૪૯૦ વિદ્યાર્થીઓ પૈકી ૧૯૦૦૬ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા જયારે ૪૮૪ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. આ ઉપરાંત હીન્દી પ્રથમ ભાષાની કસોટીમાં પણ ૧૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા જયારે અંગ્રેજી પ્રથમ ભાષાની પરીક્ષામાં પણ ૧૩ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. ધો -૧૦ માં ગુજરાતી સહીતની ત્રણેય પરીક્ષા અન્વયે કુલ ૨૩૧૪૪ પરીક્ષાર્થીઓ પૈકી ૫૧૦ ગેરહાજર રહ્યા હતા. ધો -૧૦ માં ગુજરાતીનુ પ્રશ્નપત્ર એકંદરે સરળ રહ્યુ હતુ. પરીક્ષાના પ્રારંભે વિદ્યાર્થીઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. સવારથી જ પરીક્ષા કેન્દ્રો પર આવતા વિદ્યાર્થીઓના ચહેરા પર અનોખો આત્મવિશ્વાસ છલકતો જોવા મળ્યો હતો જેમાં પેપર પણ સરળ હોવાના લીધે વિદ્યાર્થીઓને હાંશકારો થયો હતો. ધો -૧૦ માં રસપ્રદ વિષય અંગે નિબંધો પુછાયા હતા જેમાં હુ માનવી થાઉં તો ઘણુ...ફરી બનવા ચાહુ હુ, પ્રભુ બાળ નાનુ અને કન્યા વિદાય એક કરૂણ મંગલ પ્રસંગ જેવા વિષયો અંગે નિબંધ પુછાયો હતો.

આ ઉપરાંત શાળામાં પ્રજાસત્તાક દિને શોર્યગીત સ્પર્ધાનુ આયોજન તે અંગે અહેવાલ પણ પુછાયો હતો. ગુજરાતની પ્રશ્નપત્રમાં પુછાયેલા નિબંધો અને અહેવાલ લેખનના રસપ્રદ વિષય અંગેના પ્રશ્નોથી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધ્યો હતો. જેમાં મોટાભાગના વિદ્યાર્થીઓએ હુ માનવી માનવ થાઉં તોઘણુ અને નાનુ બાળ બનવાની ચાહ અંગેના વિષય પર નિબંધ લખવાનુ પસંદ કર્યુ હતુ.

## ભૌતિક વિજ્ઞાનનુ પ્રશ્નપત્ર પાઠ્ય પુસ્તક આધારિત અને સરળ

**૫૦ વિદ્યાર્થીઓની હાજરી ઘટી : વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધે તે મુજબનુ પ્રશ્નપત્ર હતુ : બળવંતસિંહ રાજપુત**

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે પરીક્ષાના પ્રથમ દિવસે ભૌતિક વિજ્ઞાન વિષયની પરીક્ષા આપી હતી. જિલ્લામાંથી નોંધાયેલા ૪૫૫૮ વિદ્યાર્થી પૈકી ૪૫૦૮ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા જયારે ૫૦ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાનનુ પ્રશ્નપત્ર એકંદરે વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થયુ હતુ. જેના લીધે પરીક્ષાના પ્રારંભે વિદ્યાર્થીઓએ મોટી રાહત અનુભવી હતી .જેમાં ૫૦ ગુણના એમ સી ક્યુ મોટાભાગે પાઠયપુસ્તક અને થિયરી આધારિત પુછાયા હતા. કિશોર ઈન્સ્ટીટ્યુટના વિષય નિષ્ણાંત બળવંતસિંહ રાજપુતે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે વિદ્યાર્થીઓ સમયમર્યાદામાં અને સરળતાથી પ્રશ્નપત્ર લખી શક્યા હતા. થિયરી વિભાગમાં દાખલા માત્ર ૬ થી ૮ જ પુછાયા હતા. ૨ અને ૪ ગુણના પ્રશ્નો લખવામાં વિદ્યાર્થીઓએ વધુ સમય આપવો પડયો હતો. પ્રશ્નપત્ર સંપુર્ણ પાઠય પુસ્તક આધારિત હોવાથી વિદ્યાર્થીઓ સમય મર્યાદામાં ઉત્તર આપી શકયા હતા. આમ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાની શરૂઆત સારી રહી હતી જયારે લાંબા સમયના અંતે પરીક્ષા આપતા વિદ્યાર્થીઓનો આત્મ વિશ્વાસ વધે તે મુજબનુ પ્રશ્નપત્ર રહ્યુ હતુ.

## રાજય શિક્ષણમંત્રીએ પરીક્ષાર્થીઓને ગુલાબનુ ફુલ આપી શુભેચ્છા પાઠવી



ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનો આજથી પ્રારંભ થયો છે. આજે બોર્ડ પરીક્ષાના પ્રારંભે સે-૭ સ્થિત જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં રાજય શિક્ષણ મંત્રી કિર્તિસિંહ વાઘેલાએ વિદ્યાર્થીઓને ગુલાબનુ ફુલ આપી પરીક્ષાની શુભેચ્છા પાઠવી હતી. વિદ્યાર્થીઓ તણાંવમુક્ત વાતાવરણમાં અને ભય વિના મુક્તમને હળવાશથી પરીક્ષા આપે તેમ જણાંવી વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારના ભાર વિના પરીક્ષામાં બેસવા માટે પણ જણાંવ્યુ હતુ. આ તબક્કે કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી સહીત અન્ય સભ્યોએ પણ બોર્ડની પરીક્ષા આપવા જતા વિદ્યાર્થીઓને પુષ્પગુચ્છ આપી મોં મીઠુ કરાવી પરીક્ષામાં સફળ થવા માટે અને તેમના ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી.

## પેપરનુ સીલ તોડવા સહિતની પ્રક્રિયાનુ મોબાઈલ એપથી મોનિટરીંગ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા આજથી બોર્ડ પરીક્ષાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જયારે બોર્ડની પરીક્ષા દરમિયાન પારદર્શકતા જળવાઇ રહે તે માટે શિક્ષણવિભાગે પુરતી તકેદારી રાખી છે. જયારે બોર્ડ પરીક્ષા દરમિયાન આજે શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ શિક્ષણ બોર્ડની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે સમગ્ર રાજયમાં બોર્ડની પરીક્ષાના બિલ્ડીંગની માહીતી મોબાઈલ એપની ટેકનોલોજીથી મેળવવામાં આવી રહી હોવાની વિગતો આપતા જણાંવ્યુ હતુ કે આ મોનિટરીંગ સેલના આધારે પરીક્ષા કેન્દ્રો પર પેપર સીલ બંધ કવરમાં આવ્યુ છે તે અંગેના વિવિધ છ પ્રકારના અલગ અલગ ફોટોગ્રાફસ પણ અપલોડ કવરામાં આવે છે. જયારે પેપરનુ સીલ વર્ગના બે વિદ્યાર્થીઓની સહી લઈને તોડવામાં આવે છે. તે અંગેની સઘળી વિગતો આપતા જણાંવ્યુ હતુ કે પરીક્ષા દરમિયાન એકદમ પારદર્શકતા જળવાય તે અંગેના તમામ પ્રયાસો કરવામાં આવ્યા છે. આ ઉપરાંત મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેમજ શિક્ષણમંત્રી તરીકે મેં પત્ર લખી વિદ્યાર્થીઓના મનોબળ મજબુત કરવાનો પ્રયાસ પણ કરાયો હોવાનુ પણ તેમણે જણાંવ્યુ હતુ.

## સે-૩૦ અને વાવોલમાં રેન બસેરા બનાવવામાં આવશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં બે રેન બસેરા બનાવવામાં આવશે. હાલ એક કામચલાઉ તો ૧૫૦ બેડની સુવિધા ધરાવતું રેન બસેરા છે.

દરિયાપુરના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શહેરી વિકાસ વિભાગનો હવાલો ધરાવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૩-૨૧ની સ્થિતિએ ભારત સરકારના આવાસ અને ગરીબી નિર્મૂલન મંત્રાલયના રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનની શહેરી ઘર-વિહોણા લોકો માટે આશ્રય સ્થાનની માર્ગદર્શિકા મુજબ કે કાયમી સામુહિક આશ્રયસ્થાનની જરૂરિયાત છે. તેમણે જણાવ્યું છે કે સે-૩૦ ખાતે ૨૦૨ બેડની ક્ષમતા ધરાવતું આશ્રયસ્થાન બનાવવા માટે જગ્યાની ફાળવણી કરવા માટેની મંજૂરી મેળવવાની કાર્યવાહી ચાલુ છે.

આ ઉપરાંત વાવોલ ખાતે નવું આશ્રય સ્થાન બનાવવા ટીપી ૧૩ એફપી-૩૦૪માં જગ્યા ફાળવવામાં આવેલ છે. આ જગ્યામાં ૪૦૪ બેડની ક્ષમતા ધરાવતું આશ્રયસ્થાન બનાવવા માટે આનુસંગિક કાર્યવાહી ચાલુ છે.

## પીડીપીયુના ત્રણ વિદ્યાર્થી કોરોનાની ઝપેટે : ભુતાન જઈ પરત ફર્યા છે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં ત્રણ દિવસ બાદ કોરોનાના આજે એક સાથે ત્રણ કેસ મળી આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં રાયસણ ગામ નજીક આવેલ પી.ડી.પી.યુ. કોલેજના ત્રણ વિદ્યાર્થીઓ કોરોનાની ઝપેટમાં આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે આ ત્રણેય ભુતાન ગયા હતા અને ૨૩ જાન્યુઆરીએ જ પરત ફર્યા છે.

આજે નોંધાયેલા આ ત્રણેય દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ

● અનુસંધાન પાન-૭ પર












## જિલ્લાના ૨૬૩ ગામોમાં લઘુત્તમ ગૌચર કરતાં ઓછુ ગૌચર છે

**જિલ્લામાં રહેઠાણના મફત પ્લોટ માટે ૧૯૨ અરજીઓ મળી છે : રી-સર્વેમાં મૂળ જમીનના ક્ષેત્રફળમાં વધ-ઘટની ૩૩૧૭ ફરિયાદો મળી છે**



**વિધાનસભામાં ગાંધીનગર**
**- પ્રકાશ જહા**

● **ગાંધીનગર જિલ્લામાં ગૌચર**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં ખૂટતા ગૌચર અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યું છે કે જિલ્લાના ૨૬૩ ગામોમાં લઘુત્તમ ગૌચર કરતાં ઓછુ ગૌચર છે જ્યારે ૨૬ ગામોમાં ગૌચર છે જ નહિ.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે શરૂઆતથી ગામે ગૌચરની ઘટ હોવાથી, સરકારશ્રી દ્વારા ગૌચર નીતિ અમલમાં મૂકેલ તે પહેલાં ગામોમાં ઘરવિહોણા કુટુંબોને રહેણાંક હેતુ માટે ઘર મળી રહે તે સારૂ ગામતળ નીમ કરવાથી, ગાંધીનગર પાટનગર અમલમાં આવતા પાટનગર આયોજન સારૂ ગૌચર સદરની જમીનો સંપાદન થવાથી ગામોમાં લઘુત્તમ ગૌચરથી ઓછુ ગૌચર છે. શૂન્ય ગૌચરવાળા ગામોમાં શરૂઆતથી જ ગૌચરની જમીન ઉપલબ્ધ ન હોવાથી શૂન્ય ગૌચર છે.

મંત્રીએ જણાવ્યુ છે કે સરકારના મહેસુલ વિભાગના ૧-૪-૧૫ના ઠરાવથી તથા તે અનુસંધાને ઉત્તરોત્તર ઠરાવ, પરિપત્રથી ગૌચર જમીન અંગે નીતિ નક્કી કરવામાં આવેલ છે.

તેમણે જણાવ્યુ છે કે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત દ્વારા દરખાસ્ત રજુ થયેથી સરકારશ્રીના પ્રવર્તમાન નીતિ નિયમોનુસાર ગૌચર જમીન નીમ કરવાની કાર્યવાહી કરવામાં આવનાર છે.

● **ગણોતધારા હેઠળની જમીન**

નરોડાના બલરામ થાવાણી અને દહેગામના બલરાજસિંહ ચૌહાણે ગાંધીનગર જિલ્લામાં ગણોતધારા હેઠળની જમીન અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યું છે કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસોની સંખ્યા ૧૨૬ છે અને આ સ્થિતિએ ૧૫૫ જેટલા કેસો બાકી છે.

● **રોડમાં કપાત જતી જમીનનું વળતર**

ગાંધીનગર(ઉ)ના કોંગી સભ્ય ડૉ. સી.જે. ચાવડાએ જિલ્લામાં રોડ કપાત જતી જમીનનું વળતરણ અંગે છેલ્લા બે વર્ષમાં કોલવડા-આદરજ-જલંદુ-ધમાસણા રોડમાં કપાત જતી જમીનનું વળતર આપવા અંગે કુલ ૪ ફરિયાદો મળી છે. મહેસુલમંત્રીએ જણાવ્યું છે કે સંપાદક સંસ્થાને નામદાર કોર્ટના ચુકાદા મુજબ વધારાના વળતરની રકમ જમા કરવા વખતોવખત પત્રો પાઠવવામાં આવેલ છે.

● **જમીન રી-સર્વે**

માણસાના કોંગી સભ્ય સુરેશભાઈ પટેલે જિલ્લામાં જમીન રી-સર્વે બાદ મૂળ જમીનોના ક્ષેત્રફળમાં વધ-ઘટ થઈ હોય તેવી ૩૩૧૭ ફરિયાદો મળી છે.

મંત્રીએ જણાવેલ છે કે ગુજરાત જમીન મહેસુલ નિયમો-૧૯૭૨ના નિયમ ૨૧(૧) મુજબ તકરાર ન હોય ત્યારે જમીન ધારણ કરનાર ખેડૂત ખાતેદારની કેફિયત (સંપત્તિ) અનુસાર સરવે અધિકારી હદ નક્કી કરી શકે છે, પરંતુ જ્યારે તકરાર હોય ત્યારે આજુબાજુના ખેડૂતોની સંપત્તિ ન મળવાના કારણે અરજી દફતરે કરવામાં આવે છે.

● **રહેઠાણના મફત પ્લોટની અરજી**

કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે જિલ્લામાં રહેઠાણના મફત પ્લોટ માટેની અરજીઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૧૯૨ અરજીઓ મળી છે. જેમાં ગાંધીનગરમાં ૨, માણસામાં ૧૭, કલોલમાં ૫૯, દહેગામમાં ૧૧૪ અરજીઓનો સમાવેશ થાય છે. આ પૈકી ૧૦૨ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. માણસામાં ૧૬, કલોલમાં ૫૯, દહેગામમાં ૨૭ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

ગામતળ ઉપલબ્ધ ના હોવાના કારણે પ્લોટ ફાળવી શકાતા નથી તેવા કોઈ ગામ નથી.

● **અને છેલ્લે...**

ગાંધીનગર જિલ્લામાં ખેડૂતોને ડ્રમ અને ટોકર ખરીદી માટે સહાય અંગે ૨૫,૯૦૭ અરજીઓ મળી છે. જે અરજીઓ ૨૦૨૧-૨૨માં ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ. ગાંધીનગર દ્વારા ટેન્ડરની પ્રક્રિયા ચાલુ હોવાથી પડતર છે તેમ માણસાના કોંગી સભ્ય સુરેશભાઈ પટેલના પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીએ જણાવ્યુ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com